Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૨ • તા. ૦૮ જાન્યુઆરી ૨૦૧૮ થી ૧૪ જાન્યુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કે.ડી.ઓ. યુવા મંચ – વડોદરા દ્વારા "શ્રી રાજેશ કાંતિલાલ શાહ મેમોરિયલ ટ્રોફી" ક્રિકેટ ટુર્નામેન્ટ તથા બીટુબી સમીટ



દિપ પ્રગટાવતા મુખ્ય દાતાશ્રી પરિવાર



યુવા કાર્યકર્તાઓ



યુવા મંચ ક્રિકેટ ટીમ



વી-૧૩ ક્રિકેટ ટીમ





પ્રેક્ષકગણમાં ઉપસ્થિત આગેવાનો – દાતાશ્રીઓ



કેડીઓ વડોદરા જ્ઞાતિજનો



દાતાશ્રી પરિવાર



સાસુ-વહુ ક્રિકેટ મૅચ



શ્રી અનિક ધરમશી - બીટુબી સમિટ સ્પીચ



બિઝનેશ ડેવલપમેન્ટ વર્કશૉપ




બીટુબી સમિટ - સફળતાના સુત્રધારો



આયોજનને સફળ બનાવનારા યુવાનોના માર્ગદર્શકો



સફળતાનો આનંદ માણતી યુવા મંચ ટીમ



વિજેતા ટીમ - મુલુંડ

(અહેવાલ અંદરના પાને)



રનર્સઅપ ટીમ - ઘાટકોપર



# દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

## દ્વારા

## સર્વેને ભાવભર્યું આમંત્રણ



**ગુરૂગુણચરણરજ આ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ઠાણા-૬ની પાવન નિશ્રામાં બીજાપુર કચ્છી જૈન સંઘના ઉપક્રમે દક્ષિણ ભારતના કચ્છી જૈન સમાજો-સંઘોનું મિલન**

દક્ષિણ ભારતીય કચ્છી જૈન સમસ્ત સંઘો, સમાજો, અગ્રણીઓને જણાવવાનું કે આ વર્ષે સાંગલી સંઘ દ્વારા અંજન પ્રતિષ્ઠાના આયોજનને કારણે દક્ષિણ ભારત તરફ મર્યાદિત ક્ષેત્રોમાં ગુરુભગવંતોનું વિહાર-વિચરણ થશે. મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ, કેરળ, ગોવા વગેરે દક્ષિણ ભારતના ક્ષેત્રોના આપણા સંઘો, સમાજો, મંડળો, ભાવિકોનું એક મિલન તા.૧૪-૦૧-૨૦૧૮ના રોજ રવિવારે ઋષભદેવ મોક્ષ કલ્યાણકના પાવન દિવસે બીજાપુર, કર્ણાટકના નૂતન કચ્છી ભવનમાં યોજવામાં આવશે. જેમાં જોડાવા અર્થે બીજાપુર કચ્છી જૈન સંઘ દ્વારા સહુને આમંત્રણ પાઠવવામાં આવે છે. ઉક્ત રાજ્યોનાં ક.વિ.ઓ.જૈન સમાજ, ક.દ.ઓ. એકમો, કચ્છી ગુર્જર સમાજ, રાજસ્થાન અચલ ગચ્છ વગેરે સંગઠિત સંઘો એકત્રિત થાય તેવી ભાવના છે. જૈન ધર્મના સંસ્કારો, સાચી આત્મોન્નતિની હિતશિક્ષા આપવામાં આવે, શ્રાવકો સહુ પરસ્પર પરિચિત થાય, નજીક આવે અને સારા વિચારોની આપ-લે થાય એ ઉદ્દેશ છે.



આ પ્રસંગે મુંબઈ કાંદીવલીમાં ફા.સુ.૧૧ના દીક્ષા લેનાર જૈન કુમાર (છસરા)નું અભિવાદન કરાશે.

તા.૧૪-૦૧-૨૦૧૮ના રોજ રવિવારે સવારે ૮-૩૦ કલાકથી બપોરે ૪-૦૦ કલાક સુધી આપ સહુ સમારોહમાં જરૂર ભાગ લેશો. આ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા સાદર ધર્મલાભ લેવા ખાસ અનુરોધ છે.

*સંપર્ક :*

રણછોડભાઈ : ૦૯૮૩૩૪૩૦૭૦૧

વોટ્સએપ : ૭૦૧૪૨૭૨૮૯૫

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

Estd.1978

''કચ્છી ભવન'' નં.૪૪બી, ૧લી મેઈન રોડ, મીની ફોરેસ્ટની સામે, જે. પી. નગર, ફેસ-૩
બેંગલોર - ૫૬૦૦૭૮, આસિસ્ટન્ટ મેનેજર : વેન્કટેશ - ૮૭૨૨૮ ૦૨૪૨૬

E-mail : dbkdo.jainekkam@yahoo.in • Website : www.kutchibhavan.com

અલપઈ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઈ, કોઈમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.

# શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા
## આયોજીત
## ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ના સમૂહ લગ્નમાં પરિણિત નવયુગલો

shantijin

**૧**
ચિ. ક્રિના શા. નરેશ શામજી શાહ (ધરમશી)
કોઠારા–ઊંઝાવાલાની સુપુત્રી
ચિ. અંકિત શા. નિતિન કેશવજી શાહ (ધરમશી)
સાંધાણ–ડોંબીવલીવાલાના સુપુત્ર

**૨**
ચિ. નેહલ શા. મુરજી લક્ષ્મીચંદ છેડા
સુથરી–બાડાવાલાની સુપુત્રી
ચિ. કૃણાલ શા.તિલક દેવશી ડાઘા
ગોએરસમા–માંડવીવાલાના સુપુત્ર

**૩**
ચિ. ભાવિકા શા. વિરચંદ જવેરચંદ લોડાયા
મોટી સીંધોડી–સેવગાંવવાલાની સુપુત્રી
ચિ. હરેશ શા. ધનજી આશારીયા પોલડિયા
બાયઠ–મુલુંડવાલાના સુપુત્ર

**૪**
ચિ. નિલીમા શા. અશોક ઠાકરશી જીવાણી (મુનવર)
જખૌ–કલ્યાણવાલાની સુપુત્રી
ચિ. ચિત્રાંગ શા. મયુર લાલજી મોતા
તેરા–મુલુંડવાલાના સુપુત્ર

**૫**
ચિ. રૂપલ શા. દિપક વેલજી લોડાયા
સાંધાણ–ડોંબીવલીવાલાની સુપુત્રી
ચિ. પુનિલકુમાર શા. અતુલ શાંતિલાલ દંડ
તેરા–ગાંધીધામવાલાના સુપુત્ર

**૬**
ચિ. રાજુલા શા. જવેરચંદ નરશી નાગડા
પરજાઉ–બાંઢીયાવાલાની સુપુત્રી
ચિ. વિનીત શા. પ્રદિપ ભવાનજી લાલકા
વારાપધ્ધર–ડોંબીવલીવાલાના સુપુત્ર

**૭**
ચિ. અશ્વીની શા. મહેન્દ્ર માડણ મૈશેરી
મોટી સીંધોડી–ડોંબીવલીવાલાની સુપુત્રી
ચિ. કલ્પેશ શા. કિર્તી કુમાર વિસનજી લોડાયા
મોટી ખાવડી–ડોંબિવલીવાલાના સુપુત્ર

**૮**
ચિ. ભારતી શા. અનિલ ચત્રભોજ દંડ
મંજલરેલડીયા–ભાંડુપવાલાની સુપુત્રી
ચિ. દિપેશ શા. દિપક નારાણજી ખોના
નલિયા–આદિપુરવાલાના સુપુત્ર

**૯**
ચિ. સેજલ શા. મણીલાલ શામજી મૈશેરી
લાલા–વિરમગામવાલાની સુપુત્રી
ચિ. તુષાર શા. હિરાચંદ ડુંગરશી ગોસર
વારાપધ્ધર–નાલાસોપારાવાલાના સુપુત્ર

**૧૦**
ચિ. જલ્પા શા. હરિશ પદમશી દંડ
લાલા–વડોદરાવાલાની સુપુત્રી
ચિ. અમર શા. લલીત ત્રીકમજી ગોસર
બારોઇ–કારંજાવાલાના સુપુત્ર

**૧૧**
ચિ. મિત્તલ શા. સુરેશ માલશી લોડાયા
મોટી ખાવડી–જામનગરવાલાની સુપુત્રી
ચિ. તુષાર શા. ગુલાબ રતનશી સાંયા
સુજાપુર–અમદાવાદવાલાના સુપુત્ર

**૧૨**
ચિ. પુષ્પા શ્રી માયા કિશન
લોનાવાલાની સુપુત્રી
ચિ. અમીત શા. વિજય ભવાનજી ગોસર
બારોઇ–ચેન્નઇવાલાના સુપુત્ર

**૧૩**
ચિ. અક્ષતા શ્રી સુનિલ જોષી
પિંપડેગુરવ–લોનાવાલાની સુપુત્રી
ચિ. વિનય શા. ગિરીશ રતનશી દંડ
સાંધવ–હૈદરાબાદવાલાના સુપુત્ર

**૧૪**
ચિ. ડૉ.જિગીષા શા. કિશોર કાંતિલાલ શાહ (લોડાયા)
વારાપધ્ધર–માંડવીવાલાની સુપુત્રી
ચિ. જીત શ્રી જયંતિલાલ પ્રાણલાલ મહેતા
વિથોણ–ભુજવાલાના સુપુત્ર

**૧૫**
ચિ. અંકિતા (વર્ષા) શ્રી આશિષ રામસેવક શાહ
પાટણ–આકોલાવાલાની સુપુત્રી
ચિ. વિમલ શા. જ્યોતીન્દ્ર શાંતિલાલ દંડ (જૈન)
લુણી–આકોલાવાલાના સુપુત્ર

**૧૬**
ચિ. જાગૃતિ શ્રી કાનજી ભીમજી રાઠોડ
ઓલવાણવાલાની સુપુત્રી
ચિ. પ્રતિક શ્રી જયંતિલાલ વાડીલાલ શાહ
સુથરી–માંડવીવાલાના સુપુત્ર

**૧૭**
ચિ. રચના શ્રી પ્રમોદ છગનલાલ ત્રેવાડીયા
પલાસ્વા–ડીશાવાલાની સુપુત્રી
ચિ. જાગૃતકુમાર શ્રી રમણીકલાલ નેમજી દોશી
રાપર–ભુજવાલાના સુપુત્ર

**૧૮**
ચિ. તૃપ્તી શ્રી કિર્તી મગનલાલ પારેખ
જાટાવાળા–ભુજપુરવાલાની સુપુત્રી
ચિ. પ્રતિક શ્રી પ્રદીપ ફતેહચંદ દોશી
ફતેહગઢ–માંડવીવાલાના સુપુત્ર

**૧૯**
ચિ. વિનંતી શ્રી સુભાષ બલબહાદુર શ્રેષ્ઠા
કાઠમંડુ નેપાલ–ભાયંદરવાલાની સુપુત્રી
ચિ. મનન શ્રી સંજય હિરાચંદ જૈન
તુમ્બા (રાજ.)–ભાયંદરવાલાના સુપુત્ર

**૨૦**
ચિ. શિતલ શા. પરેશ પદમશી શિયાળ
જખૌ–પારોલાવાલાની સુપુત્રી
ચિ. અનિલ શા. પ્રવિણચંદ્ર ઝવેરચંદ લોડાયા
સાંધાણ–રાયપુરવાલાના સુપુત્ર

**૨૧**
ચિ. અંબિકા શ્રી બસવરાજ વિશ્વનાથ પાટીલ
હાયકલ–હૈદરાબાદવાલાની સુપુત્રી
ચિ. અમિતકુમાર શા. શાંતિલાલ દેવણાંધ મૈશેરી
મોટી સીંઘોડી–હૈદરાબાદવાલાના સુપુત્ર

**૨૨**
ચિ. માધુરી શ્રી દત્તાપા ગાવડે
ગુલબર્ગા–લોનાવાલાની સુપુત્રી
ચિ. ચિરાગ શા. કાંતિલાલ વીરજી શિયાળ
દલતુંગી–ઘાટકોપરવાલાના સુપુત્ર

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 02/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

# ટ્રસ્ટીઓની અન્ય મિલકતો અંગે દુર્લક્ષતા ?

છેલ્લાં બે અઢી વર્ષથી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પોતાનું સમગ્ર ધ્યાન ભાંડુપની 'અનંતસિધ્ધિ'ની મિલકત પર જ કેન્દ્રિત કર્યું હોય એ પ્રમાણે તેમની ટ્રસ્ટ વહીવટની ગતિવિધિઓ પરથી સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

ટ્રસ્ટીઓએ જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોના આ બાબતે સલાહ-સૂચનો મેળવવા ગત સપ્ટેમ્બર અને ડિસેમ્બરમાં બે સભાઓ બોલાવી હતી. તેમાં પણ, છેલ્લી સભામાં જ્ઞાતિના મસ્જીદ બંદર સંઘ, જી.વી.સી. (ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેંબુર) સંઘ, ભાંડુપ સંઘ, ડોંબીવલી મંડળ ઈત્યાદી પરાંના સ્થાનિક સંઘોના અધિકારી વર્ગને પણ તેમણે આમંત્ર્યા હતા.

આ બંને સભાઓમાં ટ્રસ્ટીઓ જે પધ્ધતિ યોજનાથી 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ કરવા ધારે છે તે અંગે આ ક્ષેત્રના વ્યવસાયિકો દ્વારા ઘણો વિરોધ પ્રદર્શિત થયો હતો. આ પછી ટ્રસ્ટીઓ પોતાની યોજના પર ફેરવિચારણા કરવા અંગે ખુલ્લું મન ધરાવે છે તેવા સંકેતો પણ તેમણે આપ્યા છે.

આ છેલ્લી સભા પછી ટ્રસ્ટીઓએ જ્ઞાતિના પંદરેક અગ્રણીઓ અને વ્યવસાયિકોની એક પેટા-સમિતિ નીમી છે, જેમની સાથે તેઓ આ બાબતે હજી પણ વધુ વિચાર-વિમર્શ કરશે તેવા નિર્દેશો તેમણે કેટલાક જ્ઞાતિ અગ્રણીઓને આપ્યા છે. ટ્રસ્ટીઓના આ પ્રકારના સકારાત્મક અને પારદર્શી અભિગમની ઉચિત સરાહના થવી જ જોઈએ તે વિષે બે મત ન હોઈ શકે.

ટ્રસ્ટીઓએ, ઉપરોક્ત બે સભાઓમાં 'અનંતસિધ્ધિ' સિવાયની ટ્રસ્ટની અન્ય કોઈ મિલકત કે બાબત પર ચર્ચા-વિચારણા કરી શકાશે નહીં તે રીતે તેની કાર્યસૂચિ સીમિત રાખી હતી તે છતાં સભાઓમાં વિષયાંતર થયું હતું તે સ્વાભાવિક ગણાય. ટ્રસ્ટીઓએ આ પ્રકારની સભાઓનો મંચ ટ્રસ્ટની સઘળી મિલકતો બાબતે સલાહ-સૂચન મેળવવા ખુલ્લો મૂકવો જોઈએ તેવો મત જ્ઞાતિના અગ્રણીઓમાં વ્યક્ત થઈ રહ્યો છે તેનાથી પણ ટ્રસ્ટીઓ વાકેફ હશે જ એમ માની લઈએ તો તે અવાસ્તવિક નહીં ગણાય.

ટ્રસ્ટ વહીવટ અંગેની કાનૂની જવાબદારીઓ ટ્રસ્ટીઓ પાસેથી જે મૂળભૂત અપેક્ષા રાખે છે તે પ્રમાણે ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની કોઈ એક કે બે મિલકતોને પ્રાધાન્યતા આપવાને બદલે અન્ય જેટલી પણ મિલકતો હોય તેમનું પણ, ટ્રસ્ટના આર્થિક સ્ત્રોતોના સમયલક્ષી આવક જાવકની ગણતરીને અનુલક્ષીને સમગ્રતયા દષ્ટિકોણથી વહીવટીય આયોજન કરવું જરૂરી બને છે. મુંબઈ ટ્રસ્ટ એક્ટની એક જોગવાઈ મુજબ ટ્રસ્ટીઓએ દર વર્ષે (ફેબ્રુઆરી સુધીમાં) આગામી વર્ષનું અંદાજપત્રક બનાવી ચેરીટી કમીશનરના દફતરે દાખલ કરવું પડે છે. ટ્રસ્ટીઓએ આ રીતે ત્રણેક વર્ષ સુધી અંદાજપત્ર બનાવ્યું હોય તેવી કોઈ માહિતી મળતી નથી. તેમાં પણ, 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની તેમની પ્રસ્તાવિત યોજના, જે અવ્યવહારૂ અને કાનૂની રીતે વિસંગત છે તે મુદ્દો થોડીવાર બાજુએ મૂકીએ તો પણ, તેના અને અન્ય મિલકતો સંબંધિત આવક-જાવકનું અંદાજપત્ર ટ્રસ્ટીઓએ ગયા વર્ષે માર્ચ મહીના પહેલાં બનાવ્યું હોય કે ચેરીટી કમીશનર સમક્ષ મૂક્યું હોય તે જણાતું નથી. અન્યથા ટ્રસ્ટની અન્ય મિલકતો અંગે તેમના શા પ્રસ્તાવો છે કે નથી તેની રૂપરેખા જ્ઞાતિને અવશ્યપણે જાણવા મળત.

એ જે હોય તે, પરંતુ ટ્રસ્ટની અન્ય મિલકતો બાબતે ટ્રસ્ટીઓએ દુર્લક્ષ સેવ્યું છે તેવું ચિત્ર જ્ઞાતિમાં સહજપણે આકાર પામ્યું છે જે ઉચિત નથી જ. 'અનંતસિધ્ધિ'ની બાબત જ એટલી વિસ્તૃત વિચારણા માગી લે તેવી છે કે અમે બીજી મિલકતો પર કોઈ ખાસ વિચારણા કરી શક્યા નથી તેવું કારણ આપીને ટ્રસ્ટીઓ પોતે પર્યાપ્ત ફરજ બજાવ્યાનો આત્મસંતોષ લે કે ખુલાસો આપે તો કાનૂની દૃષ્ટિએ તે સ્વીકાર્ય ન બને, ઉલ્ટું, આવી રજૂઆત એક વિશ્વાસભંગ (બ્રીચ ઓફ ટ્રસ્ટ) સમાન ગણાય તે ભૂલાવું ન જોઈએ.

હકીકતમાં તો, 'અંનતસિધ્ધિ'ના પ્રકલ્પની સાથે સાથે, ટ્રસ્ટની અન્ય કેટલીક મિલકતોના સમુચિત

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

વહીવટ અંગે ટ્રસ્ટીઓએ કોઈ ઊંડી વિચારણા કે દીર્ઘ છણાવટ કરવા પાછળ કોઈ ખાસ સમય શક્તિ આપવાની જરૂર પડે તેમ છે જ નહીં અને જો તેમણે યોગ્ય પગલાં લીધાં હોત તો આ અઢી વર્ષ સુધીમાં તો તેનાં પરિણામો ટ્રસ્ટ અને જ્ઞાતિ માટે ઘણાં લાભપ્રદ બની શક્ત તે ચોક્કસ છે.

પંદરેક વર્ષ પહેલાં, ટ્રસ્ટને બોમ્બે પોર્ટ ટ્રસ્ટ દ્વારા, દાણાબંદર (મસ્જીદબંદર)માં એક પ્લોટ (જમીન) ની ફાળવણી થયેલ છે, જેના પર અનધિકૃત વ્યક્તિઓએ ગેરકાનૂની કબજો જમાવ્યો છે. આ અંગે મુંબઈ હાઈકોર્ટે, મુંબઈ મ્યુનસીપલ કોર્પોરેશનને વર્ષો પહેલાં આ અતિક્રમણો દૂર કરવા આદેશ આપ્યો છે, જેથી ટ્રસ્ટને ખાલી જમીન મળી શકે ને તેનો ઉપયોગ કરી શકે. આ માટે, ટ્રસ્ટીઓએ તો માત્ર યોગ્ય કાનૂની નિષ્ણાતને રોકીને હાઈકોર્ટમાં સમુચિત કાર્યવાહી કરવાની રહે છે, જેમાં ટ્રસ્ટીઓએ કોઈ કબજેદાર સામે વ્યક્તિગત રીતે કોર્ટ કેસ દ્વારા ખાલી કરવાની કાર્યવાહી કરવાની જરૂર નથી. આખી બાબત કાનૂની નિષ્ણાતો પર છોડી દઈને વખતોવખત તેનું અનુસરણ (ફોલોઅપ) કરવા જેટલું જ અને હાઈકોર્ટમાં જે સમય લાગે તેની રાહ જોવા જેટલું જ કાર્ય ટ્રસ્ટીઓ પાસેથી અપેક્ષિત છે. આટલાં વર્ષોમાં તે અંગે ટ્રસ્ટીઓએ પગલાં લીધો હોત તો હાઈકોર્ટમાં અત્યારસુધીમાં કોઈ નક્કર પરિણામ આવી શક્ત. આમ, આ બાબતે ટ્રસ્ટીઓ કાનૂની સલાહકારને કાર્યવાહી સોંપવા અંગેનો નિર્ણય પણ હજી સુધી લઈ શક્યા નથી તે હકીકત ખૂબ જ ગંભીર છે.

તેવી જ રીતે, કાંજુરમાર્ગની મિલકત અંગે પણ ટ્રસ્ટીઓએ કોઈ ખાસ ઊંડી વિચારણા કે સમય-શક્તિનું વિશેષ યોગદાન આપવું પડે તેવી કોઈ આવશ્યકતા નથી.

કાંજૂરમાર્ગની મિલકત બાબતે ટ્રસ્ટીઓએ બે મુખ્ય મુદ્દા પર કાર્યવાહી કરવાની છે. એક તો, ત્યાંના અનંતનાથજી કોમ્પલેક્ષની ફ્લેટ ધારકોની (આપણા જ જ્ઞાતિજનોની) હાઉસીંગ સોસાયટીની તરફેણમાં રજીસ્ટ્રારે સંબંધિત જમીન (આંશિક)નું કન્વેયન્સ કરી આપવાનો ટ્રસ્ટ સામે હુકમ કર્યો હતો. તેને ચારેક વર્ષ અગાઉ ગત ટ્રસ્ટબોર્ડે હાઈકોર્ટમાં પડકાર્યો છે જેની રીટ પીટીશન હજી વિલંબિત છે, તેની આખરી સુનાવણીને સમય લાગે તે સ્વાભાવિક ગણીએ, પરંતુ તે સોસાયટીના

પદાધિકારીઓએ ટ્રસ્ટીઓને આ બાબતમાં કોઈ સમાધાન થઈ શકે તેની શક્યતા તપાસવા બંને પક્ષોની પૂર્વગ્રહ રહિત (વીધાઉટ પ્રેજ્યુડીસ) સભા બોલાવવા છેલ્લાં દોઢ વર્ષમાં બે વાર લેખિત વિનંતિ કરી છે પરંતુ ટ્રસ્ટીઓએ તેનો ઉત્તર સુધ્ધાં આપ્યો નથી. ટ્રસ્ટને ભવિષ્યમાં ઘણી રીતે લાભપ્રદ બની શકે તેવી શક્યતા ધરાવતી સમાધાનકારક ભૂમિકા ઊભી કરવા જેવી આ બાબતને ટ્રસ્ટીઓ અગત્યની ન ગણે કે સંયુક્ત સભા માટે સમય ન ફાળવે તે વાત તો ટ્રસ્ટીઓ માટે ઘણી જ બીન શોભાસ્પદ છે તેટલું જ કહીએ તો તેમાં ઘણો સાર આવી જાય છે.

તેવી જ રીતે, કાંજૂરમાર્ગની બાકીની જમીન પર, હાલના ડી.પી. પ્લાનના પ્રસ્તાવ અનુસાર અનેક આરક્ષણો સૂચવાયા છે.

'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની જે આખરી યોજના નક્કી થશે તેના બાંધકામના પ્લાનને, હાઈકોર્ટે મુંબઈ શહેરને સંબંધિત તમામ બાંધકામો પર આપેલ મનાઈ હુકમને લીધે હજી એકાદ વર્ષ સુધી મંજુરી મળી શકે તેમ નથી તેવી શક્યતા જોતાં અને ડી.પી. પ્લાનમાંના અત્યારના સૂચિત આરક્ષણોમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં તેવી સંભાવના જોતાં ટ્રસ્ટીઓએ, આ આરક્ષણો અનુસાર જમીનના ટુકડાઓ મ્યુનસીપલ કોર્પોરેશનને સોંપવા પડે તો તેની અવેજીમાં ટ્રસ્ટને કેટલી માત્રામાં ટી.ડી.આર.ના હકો મળી શકે છે તેની અને તેની બજાર કીંમતની ગણતરીઓ તેમજ તે ટી.ડી.આર.ના હકો 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસના બાંધકામમાં ઉપયોગમાં લઈ શકાય તો ટ્રસ્ટને કેટલી આર્થિક રાહત થાય તે બાબતે વ્યવસાયિકોના અભિપ્રાયો લેવાની કાર્યવાહી ટ્રસ્ટીઓએ હજી સુધી કરી નથી. આ માટે પણ, તેમણે ફક્ત સક્ષમ વ્યવસાયિકને આ કાર્ય સોંપી દેવા જેટલી જ વિધિ કરવાની છે, કોઈ વિશેષ ઊંડી વિચારણા કરવાની જરૂર નથી. ટ્રસ્ટ વહીવટની અન્ય બાબતો પર વિચાર વિમર્શ કરવા ટ્રસ્ટીઓને ભલે કેટલો પણ સમય લાગતો હોય પણ આ બાબતે વ્યવસાયિકની નિમણુંક કરવાને લગતો માત્ર નિર્ણય લેવા જેટલો વખત તો તેઓ આપી શકે જ.

જ્ઞાતિના પરમ આસ્થા સ્થાન સમા અનંતનાથજી જિનાલયની નજીકની વિવિધ મિલકતોના પુનર્વિકાસની બાબતે ટ્રસ્ટીઓએ આ ક્ષેત્રના નિષ્ણાત વ્યવસાયિકો પાસેથી લેખિત અભિપ્રાયો મેળવ્યા છે અને તે અંગેના આર્થિક ચિત્રો તેમની પાસે ઉપલબ્ધ છે જેને અનુલક્ષીને તે મિલકતોનો પુનર્વિકાસ આર્થિક રીતે ઉપયુક્ત નથી તેવો પોતાનો મત ટ્રસ્ટીઓ જ્ઞાતિમાં વ્યક્ત કરતા આવ્યા છે. અલબત આ દષ્ટિકોણ એકાંગી છે તેમ કહેવું જોઈએ. ટ્રસ્ટની આ મિલકતો માટે આવો દષ્ટિકોણ રાખવો એ રીતે યોગ્ય નથી કે બે સદી જુના જ્ઞાતિ અસ્મિતાના ગૌરવમય પ્રતીક સમા અનંતનાથજી જિનાલય તીર્થની નજીકમાં આપણી વસતી કાયમીપણે ટકી રહે તે માટે કોઈ પણ ખર્ચ કે આર્થિક નુકસાનીની ગણતરી હોઈ જ ન શકે. તે સિવાય પણ, આ મિલકતોના પુનર્વિકાસના કાર્યને અલગ અલગ રીતે ન જોતાં, એક જુદા જ પરિપ્રેક્ષ્યમાં તેની વિચારણા કરવા ટ્રસ્ટીઓને અનેક વાર સૂચવાયું છે પણ ટ્રસ્ટીઓએ તે પર પૂરતું લક્ષ આપ્યું નથી. આ સૂચન મુજબ સૌ પ્રથમ 'અનંતનિવાસ'ની મિલકતનો પુનર્વિકાસ કરી તે પરના નવનિર્મિત ટાવરમાં અનંતભુવન અને અનંતનાથજી જિનાલયની તદ્દન નજીક કે આસપાસના મકાનોના રહેણાંકના ભાડુતોના પુનર્વસનનું પણ આયોજન થાય તો આ જિનાલયની આસપાસના મકાનોમાં ખાલી પડેલ જગ્યાઓનો ઉપયોગ જિનાલય તેમજ તેમાં ઉપાશ્રયના વિસ્તૃતીકરણ માટે કરવાની શક્યતા ઊભી થઈ શકે. ટ્રસ્ટીઓએ આ વિકલ્પ બાબતે સમુચિત અભ્યાસ કર્યો હોય તેવા કોઈ નિર્દેશ મળતા નથી. 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની બાબત કરતાં જરા પણ ઓછી અગત્યની ન ગણી શકાય તેવી આ બાબત પર પણ દુર્લક્ષ અપાયું છે તે બિલ્કુલ યોગ્ય નથી.

આમ, પબ્લીક ટ્રસ્ટને લગતા કાયદાની જોગવાઈઓની દષ્ટિએ ટ્રસ્ટની દરેકે દરેક મિલક્ત અંગે સમયાંતરે વિચારણા અને બદલાતા સંજોગો અનુસાર પુનર્વિચારણા કરવાની અને સમગ્રતયા પરિસ્થિતિમાં સંતુલિત નિર્ણય લેવાની મૂળભૂત ફરજો ટ્રસ્ટીઓએ સતત બજાવવાની રહે છે.

આશા રાખીએ કે ટ્રસ્ટીઓ એક-બે મિલકતો પર જ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ટ્રસ્ટની સમગ્ર મિલકતો અંગે પણ તેમની પાસેથી કાનૂની રીતે અપેક્ષિત રીતમાં સંપૂર્ણતયા પરિપ્રેક્ષ્યમાં વિચારણા કરી જ્ઞાતિ સમક્ષ ટ્રસ્ટનું આગામી વર્ષનું અંદાજપત્ર સત્વરે રજુ કરશે.

– રા.

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# SHREE K.D.O. STUDENTS ASSOCIATION

**Presents Annual Day**

# JAZBAA

## Ek Shaam Desh Ke Naam

**MAIN SPONSOR** — **SANGHMATA DAMYANTIBEN RATANSHI KUNVERJI LODAYA PARIVAR** (SAYERA - PUNE)

**MEMBER PASS ₹ 20** | **NON-MEMBER PASS ₹ 50**

| | |
|---|---|
| MASJID BUNDER | 9773008712 |
| GHATKOPAR | 9769411010 |
| KANJURMARG | 9022023778 |
| BHANDUP | 9969117558 |
| MULUND | 9769502277 |
| THANE | 9757296740 |
| DOMBIVLI (WEST) | 9930203878 |
| DOMBIVLI (EAST) | 9022801242/9664157745 |
| VASHI | 8879438964 |
| REST OF MUMBAI | 9819985339/9930222189 |

Date: 26th January, 2018 | Time: 5:00 PM
Yogi Sabhagruh Hall, Swami Gyan Jivandas Marg,
Lokmanya Tilak Colony, Near Dadar Station, Dadar (E), Mumbai

# શ્રી કે.ડી.ઓ. યુવા મંચ - વડોદરા દ્વારા
# ''શ્રી રાજેશ કાંતિલાલ શાહ મેમોરિયલ ટ્રોફી''
# ક્રિકેટ ટુર્નામેન્ટ તથા બીટુબી સમીટ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરાની યુવા પાંખ ''**યુવા મંચ**'' દ્વારા જ્ઞાતિની ક્રિકેટ ટીમો વચ્ચે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાનું આયોજન ડિસે. ૨૩ થી ૨૫ દરમ્યાન વડોદરા મધ્યે કરવામાં આવેલ. જેમાં દેશના વિવિધ શહેરોની ૧૩ ટીમોએ ભાગ લીધો. આપણી જ્ઞાતિની યુવા પ્રતિભાઓ વચ્ચે ભાઈચારો-મિત્રતા-નિકટતા-વ્યાપાર કેળવાય એ હેતુથી ત્રણ દિવસનું આયોજન કરવામાં આવ્યું. ક્રિકેટ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા બીટુબી બિઝનસ સમિટનું પણ આયોજન કરવામાં આવેલ. વડોદરા જ્ઞાતિના લાડીલા સ્વ. રાજેશ શેઠની યાદમાં યોજાયેલ ''**શ્રી રાજેશ કાંતિલાલ શાહ મેમોરિયલ ટ્રોફી ૨૦૧૭**'' નામ અપાયેલ. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમો અને તેના દાતાઓના નામ....

**૧) અનંત છાયા યંગસ્ટાર - ABCNA પરિવાર,**
**૨) અમદાવાદી પલટન - યશરાજ ગારમેન્ટસ**
**૩) અર્હમ ૧૧ - રૅપીડ ગ્લોબલ**
**૪) કચ્છી સ્ટ્રાઈકર્સ હુબલી - ડૉટટુડૉટ**
**૫) કેસીએલ જલગામ - ભગવતી રોડલાઈન્સ**
**૬) કાંજુર નાઈટ રાઈડર્સ - જીત ક્રિયેશન્સ**
**૭) કચ્છ રાઈજીંગ સ્ટાર્સ - જૉય લીજેન્ડ**
**૮) મુલુંડ યંગસ્ટાર ગ્રુપ - કારાણી**
**૯) પુણેરી પેશવા - સ્યોર સેફ્ટી**
**૧૦) રામાપીર સ્ટ્રાઈકર્સ - મહાવીર શીપીંગ એજન્સી**
**૧૧) કેડીઓ શિવમ લૉજીસ્ટીક - ઍક્ટીવ કાર્ગો મુવર્સ**
**૧૨) વી૧૩- ભાઈ ભાઈ દાબેલી કારેલીબાગ**
**૧૩) યુવા મંચ વડોદરા - ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ**

ટુર્નામેન્ટમાં નેશનલ લેવલના અમ્પાયર, અનુભવી કોમેન્ટેટર, ઓનલાઈન લાઈવ સ્કોરકાર્ડ, દરેક ટીમના ખેલાડીઓ માટે અલગ રંગોના ટી-શર્ટસ, સવારથી સાંજ સુધી નાસ્તા-ભોજનમાં જૈન ફૂડની વ્યવસ્થા, ખેલાડીઓ તથા પ્રેક્ષકોને બેસવા માટે સુંદર શામિયાણામાં સોફા, તથા ખુરસીઓની વ્યવસ્થાઓને કારણે સમગ્ર કાર્યક્રમને જબરજસ્ત સફળતા મળી હતી. શરૂઆતથી દરેક મેચમાં પોતાની ટીમના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા બહારગામથી મહેમાનો પણ નોંધપાત્ર સંખ્યામાં પધાર્યા હતા તેમજ વડોદરાના જ્ઞાતિજનોએ પણ સાથ આપ્યા હતો.

છેલ્લા દિવસે પોતાની ટીમના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા આજુબાજુના એકમના પ્રતિનિધિઓ અને ટીમ ઓવનર્સ પધાર્યા હતા, તો આ તરફ વડોદરાના જ્ઞાતિજનોએ પણ ફાઈનલ મેચ નિહાળવા મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યારે તો જાણે અંબાલાલ પાર્કનું શામિયાણું પણ નાનું પડતું હતું.

બહારગામથી પધારેલ ટીમો માટે રહેવાની સગવડ વડોદરા નજીક કેલનપુર દાદા ભગવાનના રમણીય સ્થળે કરવામાં આવેલ જ્યારે સ્પર્ધાનું આયોજન શહેરની મધ્યમાં કારેલીબાગ સ્થિત અંબાલાલ પાર્ક ક્રિકેટ ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ. દરેક ટીમના રેલ્વેસ્ટેશને આગમનથી લઈ અને કેલનપુરથી ગ્રાઉન્ડ સુધી આવવા જવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુંદર વ્યવસ્થા સાથે યુવા મંચની ટીમ હાજર રહી હતી.

લીગ મેચો તથા ક્વાર્ટર ફાઈનલ મેચો જીતીને કાંજુરમાર્ગ, મુલુંડ, ઘાટકોપર અને યુવા મંચની ટીમ સેમી ફાઈનલમાં પ્રવેશી હતી. સેમી ફાઇનલ વિજેતા મુલુંડ અને ઘાટકોપર ટીમ ફાઈનલમાં પહોંચી હતી. ફાઇનલમાં અનંતછાયા યંગસ્ટાર્સ ઘાટકોપર ટીમ રનર્સઅપ તેમજ મુલુંડ યંગસ્ટાર્સ ગ્રુપ ટીમ વિજેતા રહી હતી. વિજેતા ટીમને વડોદરાના ડેપ્યુટી મેયર યોગેશ પટેલના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. પુરી ટુર્નામેન્ટમાં મુલુંડ ટીમના મિત કિર્તીકુમાર નાગડાનો ઓલરાઉન્ડ દેખાવ પ્રશંસનીય રહ્યો હતો.

તા. ૨૩ ડિસેમ્બરના સાંજના કેલનપુર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકોએ હર્ષોઉલ્લાસથી ભાગ લીધો હતો. તા. ૨૪ ડિસેમ્બરના સાંજના કેલનપુર ખાતે બીટુબી બિઝનસ સમિટમાં ૧૩ ટીમના ખેલાડીઓ તેમજ વડોદરાના આપણી જ્ઞાતિના યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. તા. ૨૫ ડિસેમ્બરના બપોરના એક અનોખી સાસુ-વહુની મેચમાં બહુ રસાકસી બાદ છેલ્લે મેચ ડ્રો માં પરિણામી હતી.



બીટુબી સમિટના મુખ્ય દાતા શ્રી અનિક ધરમશી (ઇંઉ ઋશચિ ઙજ્ઞિચિંભર્ાં) એ મુખ્ય વકતા તરીકે વ્યાપાર વિષય પર સંબોધન કરેલ તે સૌએ ખુબજ સારી રીતે માણ્યું. સમિટના ચીફ ગેસ્ટ શ્રી અનીક નરેન્દ્ર ધરમશી તા. ૨૪ના સવારથી અમારી વચ્ચે રહ્યા અને મેચો જોઈ સાંજે ઈવેન્ટ દરમ્યાન શોર્ટ સેશનમાં યુવાનોને સંબોધ્યા અને યુવાનોમાં રિસોર્સ મેનેજમેન્ટ, ટીમ વર્ક અને પ્રોડક્ટ મેનેજમેન્ટ વિષે ક્રિકેટના દાખલા આપી સમજાવ્યું. બીટુબી સમિટના સહયોગી દાતા જેઓ યુવાનોને પ્રેરિત કરવા હંમેશા તત્પર રહેતા એવા શેઠ શ્રી હંસ ખીમજી, પોગ્રામમાં હાજર ન હતા પણ ફોનથી યુવા મંચના કાર્ય માટે બધા યુવાનોને શુભેચ્છા આપી હતી. એમનો જ્ઞાતિના યુવાધન માટેનો પ્રેમ જોઇને યુવામંચ ટીમને પ્રોત્સાહન મળ્યું. શ્રીમતી આશા મનચંદા – કોર્પોરેટ ટ્રેનરએ એમના ૪૫ મિનીટના સેશનમાં યુવાનોને સેલ્ફ ડેવલપ થવા મોટીવેટ કર્યા. જ્ઞાતિના બિજનેસમેનનો સપોર્ટ અને ગાઇડન્સ મેળવી સાથે કદમ મીલાવી ચાલવા પ્રેરિત કર્યા. જ્ઞાતિબંધુઓને પ્રેમ સહકારથી આગળ વધવા માટે બધાને અપિલ કરી. ભાગ લેનાર ૧૭૫ વ્યક્તિઓના નામ, વ્યવસાય અને રસ ધરાવતા વ્યવસાયની વિગતો પરસ્પર વહેંચવી જેથી વ્યવસાયના વિસ્તારની તકો વધશે.

ક્રિકેટ ટુર્નામેન્ટના મુખ્ય દાતા **ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ** હતા તેમજ સહયોગી દાતાઓ.... **માતુશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના પરિવાર** (મોટી ખાવડી – જામનગર), **(તિલકચંદ ખોના), શ્રી પદમશી લધુભાઈ સોની** (પ્રાઈમ પ્રોપર્ટી), **શ્રી ભાવેશ નવિચંદ્ર ખોના** (વીરતી કન્સલ્ટન્સી), **શ્રી મયુર મણીકાંત હીરજી ધુલ્લા** (પ્રતાપ એક્સલેન્સી), **શ્રીમતી તેજલ રાજેશ શાહ** (સાયન – મોટી સિંધોડી), **શ્રી ભાવેશ ખિરેન્દ્ર લોડાયા** (ડૉટ ટુ ડૉટ), **શ્રી નિશિથ આણંદીલાલ દંડ** (સ્યોર સેફ્ટી).

આટલા મોટા આયોજનને યોજનાબધ્ધ પાર પાડી તેમજ લોકોના પ્રતિભાવ સાંભળી યુવા મંચની ટીમ ગર્વ અનુભવી રહી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માર્ગદર્શન તથા પીઠબળ આપી યુવા મંચને પ્રોત્સાહન આપનાર મહાજન પ્રમુખશ્રી હિરેન્દ્ર કાંતિલાલ શાહ, ભાવેશભાઈ ખિરેન્દ્ર લોડાયા, નિશિથભાઈ આણંદીલાલ દંડ, શાંતિલાલ કલ્યાણજી લોડાયાના અમે આભારી છીએ.

## ત્રિદિવસીય કાર્યક્રમને સુંદર અને સફળ બનાવનાર ટીમ..

**કન્વિનર :** નિમેષ કિશોર ધુલ્લા (ઇમેજ સોફ્ટવેર), **ગ્રાઉન્ડ :** ઋષભ રતીલાલ પનપારિયા (સ્ટીલ ટ્રેડર), મીતેન કેતન શાહ (પ્લેયર), કેયુર શાંતિલાલ લોડાયા (રેપિડ ગ્લોબલ), કપિલ લહેરચંદ મૈશેરી (એ.કે. રોડવેઝ), મિતેષ ઇન્દ્રકુમાર લોડાયા (મામા રોડવેઝ), **ફૂડ :** દિપેન વર્ધમાન લોડાયા (અરિહંત ટ્રાન્સપોર્ટ), વર્ધમાન દિનેશ નાગડા (કે લાઈન ટેલર), નરેન્દ્ર દામજી લોડાયા (કચ્છી ગૃહ ઉદ્યોગ) **ડીઝાઈનીંગ :** વિશાલ અનિલ શાહ (એક્સલ ઇનકોર્પોરેશન અમદાબાદ), જીગર અનિલ નાગડા, **કન્ટેન્ટ :** તરલ શરદ મહેશ્વરી, **પ્રીન્ટીંગ :** પ્રીતેશ ઇન્દ્રકુમાર લોડાયા (મામા રોડવેઝ), **સ્ટે હોસ્પીટાલીટી :** ચંદ્રેશ દિનેશ નાગડા (હેન્ના એન્ટરપ્રાઈઝ), હિરેન યોગેન્દ્ર ગોસર, દર્શિત અજય લોડાયા, રાહુલ હિરાચંદ લોડાયા (આકાર સ્ટોર).

**યુવા મંચ કમિટી મેમ્બર્સ વીણા સમીત ખોના, હેતલ હિરેન મૈશેરી, દિપેન વર્ધમાન લોડાયા, નિમેષ કિશોર ધુલ્લા અને ઋષભ રતિલાલ પનપારિયા.... દરેક ડોનર, ખેલાડી, બહારગામથી પધારેલ મહેમાનો તથા વડોદરાના જ્ઞાતિજનોનો હદયથી આભાર માને છે, તેમજ જો કાર્યક્રમ દરમ્યાન કોઈ ખામી રહી ગયેલ હોય તો તે બદલ હૃદયથી મિચ્છામિ દુક્કડમ્.**



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

શેઠાણી પુંજામા ભીમશી રતનશી લોડાયા દ્વારા ૧૨૫થી અધિક વર્ષ અગાઉ સ્થાપિત, શ્રી જખૌ પાંજરાપોળ, ગાય, ભેસ, વાછરડા, બળદ, પાડા, વૃદ્ધ, અશક્ત, નિરાધાર ઢોરોના નિભાવની જીવદયા પ્રવૃત્તિ કરી રહી છે. હાલમાં કુલ ૧૮૮ ઢોર હાલમાં આશ્રય લઈ રહ્યા છે. તેમને ઘાસચારો, આહાર, દાણ, ડોક્ટરી સેવાઓ, દવા, માવજત વગેરે નિયમિત પૂરી પડાય છે. ૮ કર્મચારી ઢોરોની સેવામાં પ્રવૃત છે.

ઢોરોની વધતી સંખ્યા તથા ઘાસચારા તથા ખાધાખોરાકીના મોંગા ભાવ તથા સારા પગાર ધોરણોના કારણે માસિક રૂપિયા ૩ લાખ થી વિશેષ ખર્ચ થાય છે, અને વર્ષાનું વર્ષ વધતું જાય છે. આ ખર્ચ, જીવદયા પ્રેમી ઉદારદિલ દાતાઓ, મહાજનો, સંઘો, ટ્રસ્ટોના દાન સહયોગથી પૂરું કરાય છે.

**ખર્ચને પહોંચી વળવા દાતાઓની લાગણી તથા સુચનને અનુસાર દાન માટે વિશિષ્ટ ''વાર્ષિક સહાયતા યોજના''નું ઓક્ટોબર ૨૦૧૭ થી આયોજન કરવામાં આવ્યું છે.**

## યોજનાની રૂપરેખા

**૧) આ યોજના ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ સુધી અમલમાં રહેશે.**
**૨)દાતા દ્વારા દર મહીનાનું રૂા. ૧,૦૦૦/- પ્રમાણે ડીસેમ્બર ૨૦૧૮ સુધીના રૂા. ૧૨,૦૦૦/- દાન સ્વીકારાશે.**
**૩) દાનની રકમ દાતા અનુકુળતા મુજબ દર મહિને/હપ્તાથી/એકસાથે આપી શકશે.**
**૪)વર્ષ દરમિયાન વચ્ચેથી પણ દાતા યોજનામાં સામેલ થઈ શકશે.**

અત્યાર સુધી ૬૨ દાતાઓએ આ યોજના મુજબ દાન આપેલ છે. જાહેર કરેલ છે, તેમની નામાવલી પ્રકાશ સમીક્ષામાં અંક ૪૧, ૪૩-૪૪, ૪૬ અને ૪૮માં જાહેર કરેલ છે. ત્યારબાદ નીચેના દાતાઓએ એ દાન આપેલ છે.

## વાર્ષિક સહાયતા યોજના : દાતાઓની નામાવલી

**૬૩) માતુશ્રી રતનબેન મણીલાલ ચત્રભુજ નાગડા,** નલિયા - મુલુંડ
**૬૪) શ્રી કુશલ ધનજી ચાંપશી લોડાયા અને શ્રી અજય ધનજી ચાંપશી લોડાયા,** જખૌ-જામનગર
**૬૫) શ્રી નવીન પીતાંબર લોડાયા,** સાંધવ-કલકતા

**આ યોજના મુજબ ઉદારતાપૂર્વક દાન આપવા દાતાઓને વિનંતી.**

**નીચેના દાતાઓએ તાજેતરમાં ઉદારદાન આપેલ છે.**

૧) **રૂા. ૨૧,૦૦૦/- હર્ષદ કુમાર ભટ્ટ** - ભુજ - કચ્છ
૨) **રૂા. ૨૦,૦૦૦/- શ્રી નવનીત ફોઉન્ડેશન,** અમદાવાદ
૩) **રૂા. ૧૧,૦૦૦/- શ્રી મુંદરા ખર્તરગચ્છ જૈન દેરાસર,** કચ્છ
૪) **રૂા. ૧૧,૦૦૦/- શ્રી સમસ્ત મહાજન - જીવદયા સંસ્થા,** મુંબઈ
૫) **રૂા. ૮,૦૦૦/- શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર,** અલપઈ, કેરલા
૬) **રૂા. ૫,૧૦૦/- શ્રી કલ્યાણજી વસનજી લોડાયા** - આરીખાણા-ડોંબીવલી
૭) **રૂા. ૫,૦૦૦/- શ્રી વિજય ઉમરશી ખોના,** જખૌ-અમદાવાદ
૮) **રૂા. ૫,૦૦૦/- શ્રી મહાવીરનગર શ્વેતાંબર જૈન દેરાસર,** કાંદિવલી, મુંબઈ

## રૂપિયા ૧૧૧,૧૧૧/- (રૂપિયા એક લાખ અગિયાર હજાર એક સો અગિયાર)નું માતબર દાન

**માતુશ્રી સોનબાઈ વિસનજી શામજી મૈશેરી પરિવાર** - જખૌવાળા તરફથી એમની પુત્રી **સ્વ. જયાબેન રતિલાલ દેઢિયા** (બિદડા)ની બીજી પુણ્યતિથી (તા. ૨૩-૧૨-૨૦૧૭)નિમિત્તે રૂપિયા ૧,૧૧,૧૧૧/- નું અનુદાન મળેલ છે. સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને અનુમોદના...

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**Banking Details :**

Name : **Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

# જીવનજ્યોત® કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

NRMU
नेशनल रेल्वे मजदूर यूनियन

PRINCE™
PIPING SYSTEMS

શ્રીમતી તરલાબેન જયંતભાઈ છેડા (ડોણ)

GreenKure®
આયુર્વેદિક પેઈન રિલીફ ઓઈલ

# પ્રિન્સ કચ્છી વ્યાપાર મેલા

કારમી મોંઘવારીમાં માઝા મુકતી મેડિકલ સારવાર તેમાં પણ ગરીબ નિરાધાર કેન્સરગ્રસ્ત બાળકોની સ્થિતિ અત્યંત દારૂણ હોય છે. આ સ્થિતિને પહોંચી વળવા જીવન જ્યોત યોજી રહ્યું છે 'પ્રિન્સ કચ્છી વ્યાપાર મેલા' 'એક પંથ દો કાજ' 'સ્વાર્થ સાથે પરમાર્થ'

અત્યંત ગરીબ એવા કેન્સરના દદીઓ માટે આપના સ્ટોલ બુકિંગ દ્વારા આવેલ અનુદાન સેવાના યજ્ઞમાં એક ઈંટ મુકયા બરોબર થશે. સેવાની કમાણી સાથે સાથે આપના સ્ટોલમાં આપ જે કંઈ વ્યાપાર કરશો એનો અનેરો આનંદ આપને રહેશે. આવા સેવા રૂપી યજ્ઞમાં આપની આહૂતી એક યથા યોગ્ય તર્પણ રહેશે. અને અનેક દીન દુ:ખી દર્દી નારાયણના આશિર્વાદ પ્રાપ્ત થશે. 'પ્રિન્સ કચ્છી વ્યાપાર મેલા' માં અનેરો ઉત્સાહ સમાજના સ્ટોલ ધારકો પાસેથી મળ્યો છે. ખરેખર એમ લાગે છે કે જૈન ધર્મ પામી મહાવીરના સાચા સપુત જ આવી કરૂણા વરસાવી શકે.

દીનદુ:ખી કેન્સરગ્રસ્ત બાળકોના અનુદાન માટે આપ સર્વેના ઉષ્મા ભર્યા ઉમદા સાથ સહકાર માટે
જીવન જ્યોત સંસ્થા, પદાધિકારીઓ તથા 'પ્રિન્સ કચ્છી વ્યાપાર મેલા' હૃદયપૂર્વક આભાર માને છે.

# SHOPPING EXTRAVAGANZA 4 CAUSE 2018

## તા. ૨૬ ૨૭ ૨૮ જાન્યુઆરી ૨૦૧૮

**સમય સવારે ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦**

**સ્થળ : સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ, ડૉ.આંબેડકર રોડ, પરેલ, મુંબઈ**

સ્ટોલ બુકિંગ રજીસ્ટ્રેશન સવારે ૧૦ થી ૫, બુકિંગ માટે છેલ્લો દિવસ, તા.૧૦-૧-૨૦૧૮
8356001376/0515/8169417757/9869206400

**સ્થળ :** 3/9, Kondaji chawl, Jerbai Wadia Road, Parel, Mumbai -12

400+ STALL
SECURITY + C.C.TV CAMERA
Play Zone
Parking Facility
Food Court
Lucky Draw
Yoga+Blood camp
Many more Attractions
& Free Entry

★ સર્વે હકક ફેરફારને આધિન

# EXHIBITION CUM SALE WITH FUN'N' FAIR

*You Can Be A Reason For Their Smile*

આપ આપના મિત્ર પરિવાર વર્તુળમાં હજી પણ સ્ટોલ ધારકો રહી ગયા હોય તથા અન્ય પરિવારજનોને વ્યાપાર મેળાને ઉત્સવ સ્વરૂપ આપવા તા.૨૬, ૨૭, ૨૮ જાન્યુઆરી સવારે ૧૦ થી ૯ વધારેમાં વધારે સંખ્યામાં હાજરી આપી અમારા નોબલ કોઝના પ્રયત્નને ઉષ્માભર્યો સહયોગ આપવા વિનંતી.

**રમત ગમત + ખાણીપીણી + પાર્કિંગ સુવિધા**
**દર કલાકે લક્કી ડ્રો + ડાન્સ +**
**સંગીતની મહેફીલ + યોગા + બ્લડ કેમ્પ**

આભાર સાથે અભ્યર્થના.

સેવા સમાજ, ગામના મહાજન કે કચ્છી જૈન ફાઉન્ડેશનની ભલામણ ચીઠ્ઠી લાવનાર ગૃહઉધોગ કરતી સમાજની વ્યક્તિઓને સ્ટોલ બુકિંગમાં સ્પેશીયલ ડિસ્કાઉન્ટ મળશે. છેલ્લા ત્રણ મહિનાના લાઈટ બીલ સાથે લાવવા જરૂરી.

**કન્વીનર : હરખચંદ સાવલા (બાડા), એડવોકેટ H.V. શાહ (લાકડીયા)**

કુલીનકાંત લુઠીયા (રાયધણજર), CA નવીન શાહ (નરેડી), ડૉ.ધીરજ છેડા (બિદડા), રતીલાલ સાવલા (ડેપા), બિપીન દાણી (માટુંગા), લલિત મારૂ (બિદડા)
કુંવરજી દેઢિયા (મોથારા), દેવજી દેઢિયા (મોથારા), નયના ગાલા (વડાલા), ચંદન વીરા (ભુજપુર), હંસા છેડા (વાંકી), હેમા વીરા (બેરાજા), નિર્મળા સાવલા (બાડા), ડૉ.નેહા શાહ (સાભરાઈ)

NEEL PARI - 9322299742

## કચ્છી કસબ - ૧૧૩

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ | |
| | ■ | ૬ | | | ■ | | ■ | ૭ | | ■ |
| | ■ | | ■ | ■ | ૮ | ■ | ૯ | ■ | | ■ |
| ■ | ૧૦ | | ■ | ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ |
| ૧૩ | | ■ | ૧૪ | | | ૧૫ | | ■ | ૧૬ | |
| ■ | ૧૭ | | ■ | ■ | ■ | | ■ | ૧૮ | | ■ |
| ■ | | ■ | ૧૯ | | ■ | | ■ | | ■ | ૨૦ |
| ૨૧ | | | | ■ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | |
| ૨૫ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ |
| ■ | ■ | ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | | ■ | | ■ | ૩૧ | | ■ |

**ઊભી ચાવીઓ -**

[૧] છેતરાઇ જવું (to be cheated) (૩) ; [૨] બાંધછોડ (compromise) (૪) ; [૩] સુકું (સ્ત્રી જાતી માટે) dry (for female gender) (૨) ; [૪] સરસ (fine) (૨) ; [૫] કઠોડ/ ફણગા (sprout) (૩) ; [૮] ઝાડુ (sweep) (૩); [૯] ફક્ત ચાર (only four) (૩) ; [૧૦] બકબક કરનાર વ્યક્તિ (person talking senseless) (૬) ; [૧૨] સગવડતા (comfort) (૨) ; [૧૫] ત્યારે (at that time) (૩) ; [૧૬] ઘેટું (sheep) (૨) ; [૧૮] પોતાની મેળે (by himself) (૩) ; [૧૯] કાજલ (the soot) (૩) ; [૨૦] જોવું (to look) (૨) ; [૨૧] અડધું (half) (૨) ; [૨૨] ગરમ ઓઢવાનું (blanket) (૩);



**આડી ચાવીઓ -**

[૧] ક્યારે પણ નહીં (never) (૩) ; [૩] સુપડી (dust collecting pan) (૪) ; [૫] શું ? (what) (૨) ; [૬] કચ્છી ગરબાનો પ્રકાર (kind of kutchi garba) (૩) ; [૭] બન્ને (both) (૨) ; [૧૦] સડેખમ (running of nose) (૨) ; [૧૧] લાલ (red) (૨) ; [૧૩] છૂપાવવાની જગ્યા (place to hide) (૨); [૧૪] એમજ (like that) (૨) ; [૧૬] મીઠાને ભેજ લાગવો (moisturiser effect on salt) (૨) ; [૧૭] રીસાવવું (un pleased) (૩) ; [૧૮] પોતે (self) (૨) ; [૧૯] આંબો (mango) (૨); [૨૧] આવજાવ (comimg-going) (૪) ; [૨૩] બીજીવાર (again) (૨) ; [૨૫] દમ (asthama) (૨) ; [૨૭] ઈર્ષા (jealosy) (૨); [૨૯] શરીરને ઘસવું (to rub the skin) (૧) ; [૩૦] તાત્કાલિક (immediately) (૨) ; [૩૧] ઉતારવું (to remove) (૨)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૨૩] સ્ત્રીનું દાઝી જવું (burning of female) (૨) [૨૪] હજી સમય છે (still time) (૪) ; [૨૬] કેવી (which) (૨) ; [૨૭] કપડું શેમાં અટકીને ફાટવું (cut in cloth) (૨) ; [૨૮] ડાહ્યો (wise) (૨)

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

|| શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ || || શ્રી શીતલનાથાય નમઃ ||

## શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ

આયોજીત

## ક.દ.ઓ. પરજાઉવાસીઓ અને નિયાણી બહેનોનું સ્નેહમિલન સ્વામી વાત્સલ્ય અને વાર્ષિક સામાન્ય સભા

**શુભ દિવસ :** મહાસુદ ૧૨,
તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૮, રવિવાર
સવારના ૯.૦૦ થી ૩.૦૦ કલાકે

**મંગલ સ્થળ :**
**ગોપુરમ સભાગૃહ,** શ્રી પુરુષોત્તમ ખેરાજ એસ્ટેટ,
ડૉ. આર.પી. રોડ, જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**આ પ્રસંગે શ્રી ક.દ.ઓ. પરજાઉવાસીઓ અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.**

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન માટે **શ્રી કમલેશભાઈ દંડ (099209 89099)**નો સંપર્ક સાધવો.

શ્રી ટ્રસ્ટની કાર્યવાહી સંબંધી **શ્રી ગુલાબભાઈ (098240 97078)** અથવા **શ્રી કેતનભાઈ (099873 29999)**ની સંપર્ક સાધવો. આ પ્રસંગે ઉપરોક્ત સ્થળે સવારના ૧૧ વાગ્યે શ્રી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરેલ છે.

### વાર્ષિક સામાન્ય સભાનો એજન્ડા

૧) ગત વાર્ષિક સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
૨) ગત નાણાંકીય વર્ષ (૨૦૧૬-૧૭)ના ઓડિટેડ હિસાબોની રજૂઆત અને બહાલી.
૩) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ઓડિટરની નિમણુંક.
૪) શ્રી દેવદ્રવ્ય ખાતાના વપરાશ સંબંધી ચર્ચા અને નિર્ણયો.
૫) શ્રી નૂતન આરાધના હોલના નિર્માણના હિસાબ અને અહેવાલ.
૬) આગામી ધ્વજા મહોત્સવના આયોજનની ચર્ચા અને નિર્ણયો.
૭) આગામી કાર્યક્રમોની જાહેરાત.
૮) પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂઆત અને નિર્ણયો.

**એજ લી. શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ વતી**

**પ્રમુખશ્રી શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડના પ્રણામ**

## શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

દ્વારા આયોજિત
મોમાઈ માંની ભવ્ય રજત જયંતિ
સમૂહ પહેડી
ના લાભાર્થી પરિવાર

**● શુભ દિન ●**
વિક્રમ સંવત ૨૦૭૪, મહા સુદ-૪,
રવિવાર, તા. ૨૧.૦૧.૨૦૧૮

**● શુભ સ્થળ ●**
**જૈનમ બેન્કવેટ હોલ**
એલ.બી.એસ. માર્ગ, ક્રિષ્ણા સાગર હોટલની સામે,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

અનુમોદના! અનુમોદના!! અનુમોદના!!!

સમૂહ પહેડી માટે આપણે સૌ યથા શક્તિ યોગદાન હંમેશા આપતા જ આવ્યા છીએ. પરંતુ આ વર્ષે ૨૫મી પહેડી એટલે જ કે રજત જયંતિ પહેડીનું ભવ્યાતિભવ્ય આયોજનને લક્ષમાં રાખી ભાવિકોએ પોતાનો વિશિષ્ટ યોગદાન જાહેર કરેલ છે.

**માતાજીને વાજતે ગાજતે તેડવાના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી લતાબેન મણિકાંત મેઘજી મોમાયા (હૈદ્રાબાદ)**

**નવકારશીના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મધુરીબેન મણિલાલ મોમાયા**

**બપોરના મહાપ્રસાદના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી લતાબેન મણિકાંત મેઘજી મોમાયા (હૈદ્રાબાદ)**

**રજત જયંતિની યાદગીરી રૂપે ખાસ ભેટ ચૂલા દીઠ લાભ લેનાર**
**માતુશ્રી મીઠીબાઇ ધનજી દેવશી મોમાયા**

**રજત જયંતિ પહેડી પ્રસંગે મોમાઇ માંની ચાંદીની મૂર્તિ**
**માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર**
હસ્તે : રજનીબેન, હસુમતિબેન , ધ્વની,
મોનાલી હીરાલાલ ડાઘા તરફથી મોમાયા પરિવારને ભેટ

જૈન ધર્મમાં કરવું, કરાવવું અને અનુમોદવું ત્રણેયના ફળ સરખા જ બતાવ્યા છે. અનુમોદના કરવાથી અનુમોદના કરવાવાળાના મનના ભાવ અવશ્ય ઉંચા થઇ જાય છે. સકળ વરાડીયા વાસી મોમાયા પરિવાર તરફથી આપ સર્વેની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

બોલો શ્રી મોમાઇ માત કી જય!!!

**લાભાર્થી પરિવારોને ખૂબ ખૂબ આભાર!**

લિ.
**ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**

।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।

**નમો નમઃ શ્રી ગુરૂ ગુણોદય સાગરસુરિભ્યો નમઃ**

**શ્રી શત્રુંજય - જય તળેટી નવાણું યાત્રા - ૩૬ દિવસીય આરાધના પર્વ**

# શેઠ શ્રી નરશી નાથા ધર્મશાલા - પાલીતાણા ભવ્યાતિભવ્ય સિનિયર સિટીઝન ૯૯ યાત્રાની પૂર્ણાહુતિ તથા શત્રુંજય તીર્થમાં શેઠ શ્રી નરશી નાથાના બાવલા (સ્ટેચ્યુ)નું નરશી નાથા ટ્રસ્ટ દ્વારા અનાવરણ

શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા - પાલીતાણા મુકામે **પૂ.સા. શ્રી મહોદયશ્રી મ.સા.**ની પ્રેરણા થી **શત્રુંજય - જય તળેટી ગુણ - ગુણોદય સિનિયર સિટીઝન ૯૯ યાત્રા**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ. સર્વે દાતાઓના સહયોગથી ૩૬ દિવસ સુધી શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળામાં ભવ્યાતિભવ્ય અનુષ્ઠાનો પ્રભુ ભક્તિ, ભવ્ય વરઘોડાઓ, ૨૨૦ થી યાત્રિકો તથા ૫૦ થી વધુ કાર્યકરો તથા સંઘપતિ પરિવારોના સહયોગથી તથા નરશી નાથા ટ્રસ્ટના સહયોગથી સુંદર આયોજન કરવામાં આવેલ. **પૂ. સા. શ્રી યશોદયશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી યશપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.** તથા **સર્વે સાધ્વીશ્રીનો** તથા **પ.પૂ. આચાર્ય**ના આશીર્વાદથી ભવ્યાતિભવ્ય પ્રોગ્રામ પૂર્ણ થયેલ. સિનિયર સીટીઝન ૯૯ યાત્રાનું આયોજન નરશી નાથા ધર્મશાળામાં કરવા આવતા શ્રી નરશી નાથા ટ્રસ્ટ દ્વારા ધર્મશાળાને ભવ્યાતિ ભવ્ય બનાવવામાં આવી. આધુનિક ઓફિસ, ભોજનાલય, ૪૦ થી વધુ રૂમો તથા સંપૂર્ણ ધર્મશાળાને રીનોવેશન તથા સુંદર કલર કામ કરવામાં આવ્યું. ૧૨૫ વર્ષ જૂના પ્રાચીન શ્રી ચંદ્રપભુ જિનાલયને સંપૂર્ણ નક્શીકામ / કલરકામ દ્વારા ભવ્યાતિભવ્ય બનાવવામાં આવ્યું.

શેઠ શ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથિના યાદગિરીમાં શત્રુંજય તીર્થમાં ધર્મશાળામાં શેઠ શ્રીના સ્ટેચ્યુનું અનાવરણ ટ્રસ્ટના **ટ્રસ્ટીશ્રીઓ** તથા **પ.પૂ. પ્રિયંકર મ.સા.** દ્વારા કરવામાં આવ્યું હતું. તથા શેઠ શ્રીના કામો ને યાદ કરી તેમની જ્ઞાતિદાઝની તથા જ્ઞાતિ શિરોમણી કેમ બન્યા એની માહિતી **પ.પૂ. પ્રિયંકર મ.સા.** દ્વારા આપવામાં આવી અને ૫૦૦ થી વધુ જ્ઞાતિજનોની હાજરીમાં અનાવરણ થયું. સર્વે જ્ઞાતિજનો ખુશીથી ઝૂમી ઉઠ્યા. શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા રિનોવેટે કરવામાં આવતા ટ્રસ્ટ દ્વારા થયેલા ખર્ચને પહોંચી વળવા અપીલ કરી અને તરત જ અપીલને ઝીલી લેતા....

**ભોજનાલય રીનોવેશનના દાતાશ્રી :**

**શેઠ શ્રી હંસરાજ દેવજી ખોના** હ. **શૈલેન્દ્ર જયંતીલાલ ખોના,** મોટી ખાવડી - મુલુંડ

**ઓફિસ રીનોવેશનના દાતાશ્રી :**

**શેઠ શ્રી હંસ ભવાનજી ખીમજી ખોના,** તેરા - માટુંગા

**દ્વારા ટ્રસ્ટના માતબર ખર્ચને પહોંચી વળવા બે મુખ્ય દાતાઓનો જોરદાર સહયોગથી ટ્રસ્ટ દ્વારા બંને પરિવાર અને સાથે સાથે સહયોગી દાતા પરિવારોએ પણ પોતાની નામ જાહેર કર્યાં છે. એમની પણ ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર માને છે.**




લિ. **શેઠ શ્રી નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ - ટ્રસ્ટીગણ**

II Shree Mahakali Matay Namah II    II Shree Vasupujya Swami ne Namah II    II Jay Shree Bhalara Dada II

# SHREE K.D.O. JAIN SARVODAY MANDAL

**Admn. Office :** Shri Virji Jivraj Mepani Hall, Devpunj, Kasturba Marg, Mulund (W), Mumbai - 80 • Email: kdojsmm@gmail.com

presents **HD FIRE PROTECT**®

**13th & 14th Jan. 2018**

# ramatotsav 2018

**મુલુંડવાસી સર્વે જ્ઞાતિજનો ને નમ્ર નિવેદન કે તા.૧૩ અને ૧૪ જાન્યુઆરી એ રમતોત્સવમાં પધારી સ્પર્ધકો અને આયોજકો ને પ્રોત્સાહીત કરશો.**



**SPOT GAMES**
Kids (Age: 5 to 15)



**SQUARE BALL**
Ladies (Age: 15 to 35)



**THROW BALL**
Ladies (Age: 35 to 50)



**FOOT BALL**
Gents (Age: 15 to 35)



**FIST BALL**
Gents (Age: 35 to 50)



**CRICKET**
Ladies & Gents (Mix) Age: above 50



**CYCLING**
(Age: 15 and above)

## INDOOR GAMES




Open for all (Age: 15 and above)

### INDOOR GAMES FINALE

**Saturday, 13th January 2018 • Time - 10.00 am Onwards**

**BADMINTON & TABLE TENNIS**
Kalidas Badminton Court,
P. K. Road,
Mulund (W), Mumbai - 80.

**CARROM & CHESS**
Shri Virji Jivraj Mepani Hall,
Devpunj, Kasturba Marg,
Mulund (W), Mumbai - 80.

### OUTDOOR GAMES FINALE

**Sunday, 14th January 2018 • Time - 1.00 pm Onwards**

**SPOT GAMES, SQUARE BALL, THROW BALL**
**FOOTBALL, FIST BALL, CRICKET**

Kalidas Tennis Court,
P. K. Road, Mulund (W), Mumbai - 80.

**Event Sponsored By :**

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

**Media Partner** ગુર્જરમાત

**For Details Contact:**

| Gulab Meisheri | Hitesh Meisheri | Dollar Shah | Kailash Dagha | Rajesh Heffa | Mahesh Dand | Nilesh Mota |
|---|---|---|---|---|---|---|
| 79772 95950 | 93231 41139 | 98335 31995 | 97699 16686 | 96196 98717 | 97692 60739 | 98205 39117 |

**All rights regarding this event are reserved at the discretion of **Shree KDO Jain Sarvoday Mandal***

# કચ્છના રાજકારણમાં જૈનોનું સ્થાન

આપણા જૈનો કચ્છનાં રાજકારણમાં હમેશાં જ્યાં પણ મોકો મળ્યો છે ત્યાં નામના મેળવી છે. ઈતિહાસ જોઈએ તો સ્વ. ભવાનજી અરજણ ખીમજી, સાંસદ હતા અને તેઓના પ્રતિનિધિત્વનું કૉંગ્રેસમાં મહત્વનું સ્થાન હતું ત્યારે તેઓ સ્વ. ઈન્દીરાજીની ખાસ નિકટ હતા. માંડવીના કે.ટી. શાહ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જપંલાવ્યું હતું પણ નિષ્ફળતા મળી હતી. ત્યાર બાદ શ્રી તારાચંદભાઈ છેડા, સ્વ. શ્રી ધીરૂભાઈ શાહ અને શ્રી બાબુભાઈ શાહ, શ્રી મુકેશભાઈ ઝવેરી, સ્વ. શ્રી જયકુમાર સંઘવી લગભગ ચૂંટાઈ આવતા અને વિધાનસભામાં મહત્વનું સ્થાન શોભાવ્યું હતું. અને નામના મેળવી હતી. છેલ્લી પેટા ચૂંટણીમાં રાપર વિધાનસભામાંથી શ્રી પંકજભાઈ મહેતા ચૂંટાઈ આવ્યા અને ટૂંકજ સમયમાં પક્ષમાં નામના મેળવી હતી. અને મુખ્ય રાજકીય પક્ષનાં કચ્છ જીલ્લાનાં પ્રમુખપદે પણ રહ્યા હતા. આમ જૈનો વિવિધ સંસ્થાઓનાં માધ્યમથી સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા છે અને સમસ્ત જ્ઞાતિનાં લોકો તેનો ફાયદો લે છે. સ્વભાવિક છે માનવ સેવા હોય કે પશુ, પક્ષી સેવા હોય જે આપણો ધર્મ છે અને નામના જૈન તરીકે આપણે મેળવીએ છીએ, વર્તમાન પરિસ્થિતિમાં જોઈએ તો બે જૈન ધારાસભ્યો એકજ વિધાનસભાની સીટ ઉપર અલગ અલગ પક્ષ દ્વારા ટિકિટ મળી અને બન્ને ને હારનો સામનો કરવો પડ્યો. રાપરની પરિસ્થિતિ શું થઈ અને કઈ રીતે હાર્યા છે આપણે સૌ જાણીએ છીએ, અન્ય બે ધારાસભ્યોશ્રી તારાચંદભાઈ છેડા અને શ્રી મુકેશભાઈ ઝવેરીને ટિકિટ મળવાની હતી પણ જ્ઞાતિવાદના સમીકરણોમાં બન્નેને સફળતા ન મળી. શ્રી તારાચંદભાઈની માંડવી-મુન્દ્રાના ધારાસભ્ય તરીકેની સફળ કામગરી અને તેઓની નામના/સેવા છતા પણ ટિકિટ મેળવવામાં અસફળ રહ્યા અને ક્યાંય આપણે જૈનો સંગઠીત નથી થઈ શકતા. ગચ્છ અને ફીરકાનાં વાદમાં આપણે આપણું જ નુકશાન કરી છીએ, શ્રી તારાચંદભાઈને ટિકિટ મેળવવા માટે જો છ મહિના પહેલા લોબીંગ થયું અને પ્રયાસ થયા હોત તો ૧૦૦% તેઓને ટિકિટ મળી હોત, પણ શ્રી તારાચંદભાઈએ માંડવી/મુન્દ્રા સીટના ઉમેદવારશ્રી ને જીતાવવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા અને નામના મેળવી અને યશભાગી થયા. શ્રી મુકેશભાઈ ઝવેરીનું નામ પહેલા સંભળાતું હતું પણ છેલ્લી ઘડીએ સમીકરણો બદલાતા ટિકિટથી વંચીત રહ્યા હતા, ગાંધીધામની અનુસુચિત જાતિની સીટ છે. પણ જીતાડવાની જવાબદારી બે જૈનોએ ઉપાડી હતી. ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી (GDA)ના ભૂત ચેરમેનશ્રી મધુકાંતભાઈ શાહ અને ગાંધીધામ શહેરના પ્રમુખશ્રી દિપકભાઈ પારેખની મહેનત કારણે ગાંધીધામના ધારાસભ્ય કચ્છનાં બધી સીટોથી વધારે બહુમતીથી જીત્યા તેનું શ્રેય પણ બન્ને જૈન અગ્રણીઓને જાય છે. અંજારના અગ્રણી શ્રી ભરતભાઈ શાહ (આડા)ના ચેરમેનનો હોદો ભોગવી ચુક્યા છે પણ આગળ વધી શક્યા નથી.

વર્તમાન સમયનાં રાજકારણમાં બહુમતી ધરાવતા સમાજમાં મહત્વ અપાય તે સ્વભાવિક છે પણ આપણે તો બહુલક્ષી સમાજ છીએ. જયારે પ્રદેશમાં દુષ્કાળ હોય, ધરતીકંપ, અતિવૃષ્ટિ હોય ત્યારે હમેશા મુંબઈથી જૈનોને યાદ કરાય અને આપણે સમાજે સેવાકીય પ્રવૃત્તિમાં ક્યારે પીછે હઠ નથી કરી તેનાથી સર્વે વિદિત છીએ. આપણે ફક્ત એટલું જ સંતોષ માનવાનું રહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી જૈન છે.

કચ્છમાં જૈનોનું એક આગવું સ્થાન છે, મિલકતો છે, દેરાસરજીઓ અને અન્ય અસ્કયામતો છે ત્યારે સંગઠીત થઈને આવતા સમયમાં કચ્છનાં રાજકારણમાં અગ્રતા મેળવીએ અને સમાજને રાજકારણમાં પ્રતિનિધિત્વ મળે તેનાં માટે પ્રયત્નશીલ રહીએ જે આપણા માટે અને સમાજ માટે અતિ આવશ્યક અને જરૂરી છે.

**– અરવિંદ લાલજી શાહ (લોડાયા)**, વારાપધ્ધર-ગાંધીધામ


## ક.દ.ઓ. પોલડીયા પરિવારો જોગ

**સ્થળ ફેરફાર**

ગોરંગ બાલુડો પોલડીયા પરિવારની **આશાપુરા માતાજીની ૯મી પહેડી** તા. ૨૧-૧-૨૦૧૮ના સવારના ૯ કલાકે ચેતના હરીયાના સંગીતના સથવારે રાસ-ગરબાની રમઝટ રાખેલ છે. સૌ ગોરંગ બાલુડો પોલડીયા પરિવાર તથા નિયાણી બહેનોને સહકુટુંબ આમંત્રણ આપતા અમે અત્યંત હર્ષ અનુભવીયે છીએ.

**પહેડીના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી સ્વ. કસ્તુરીબાઈ વેલજી રવજી પોલડીયા** (ધુલીયાવાળા)

હસ્તે **અ.સૌ. વીણાબેન ચંદ્રકાંત પોલડીયા,** લુણી (ગોરેગામ)

**પહેડીનું નવું સ્થળ ફેરફાર :** ફ્રેન્ડસ કો.ઓ. એજ્યુકેશન સોસાયટી, ૮મો માળ, ૫૫૪, એલ.બી.એસ. રોડ, વસંત ઓસ્કરની સામે, યેસ બેંકની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

એજ લી. **ક.દ.ઓ. ગોરંગ બાલુડો પોલડીયા પરિવાર વતી**

| | | |
|---|---|---|
| શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા | – 99300 08339 | ના |
| શ્રી યોગેશ હીરાલાલ પોલડીયા | – 98693 38808 | જ |
| શ્રી ભરત શીવજી પોલડીયા | – 93206 68286 | ય |
| શ્રી કેતુલ વીરચંદ પોલડીયા | – 98336 60353 | મા |
| શ્રી રાજેશ દામજી પોલડીયા | – 98225 23237 | તા |
| શ્રી હીરેન ચંદ્રકાંત પોલડીયા | – 93244 48508 | જી |

**નોંધ : પહેડી પ્રસંગે કાળા વસ્ત્ર પહેરવા નહિં.**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ જામનગર

માતુશ્રી મોંઘીમાં નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલયની દીકરીઓ દ્વારા ૨૩-૧-૨૦૧૬ના સુંદર કાર્યક્રમની રજૂઆત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાને શિક્ષણપ્રેમી દાતાશ્રીઓ તરફથી સુંદર અનુમોદનીય સહયોગ મળેલ. આ અનુમોદનીય સહયોગની નોંધ લેતી કલાત્મક તક્તી સંસ્થાના મકાન પર લગાવવામાં આવનાર છે. આ તક્તી અનાવરણનો કાર્યક્રમ ૨૬-૧-૨૦૧૮ના રોજ જામનગર ખાતે રાખેલ છે. તો આ કાર્યક્રમમાં સર્વેને સામેલ થવા સહર્ષ આમંત્રણ છે.

૨૫-૧-૨૦૧૮ના રોજ સાંજે સંસ્થા મુલાકાત, ચૌવિહાર અને મહાકાલી માતાની ભાવના રહેશે. ૨૬-૧-૨૦૧૮ના રોજ સવારે નવકારશી બાદ ધ્વજવંદન, તક્તી અનાવરણ, દાતાશ્રીઓની અનુમોદના અને બપોરે સાધર્મિક ભક્તિ રહેશે.

### શ્રી મણીભદ્રવીર તીર્થધામ, માતમોર

ઈંદોર - હરદા રોડ ઉપર ચાપડા ગામના નજીક શ્રી મણીભદ્રવીર તીર્થધામ, માતમોર આવેલ છે. જેમાં મૂલનાયક ત્રિભુવનભાનુ પાર્શ્વનાથનું રથના આકારનું ભવ્ય દેરાસર છે. સાથે જ નાગેશ્વર પાર્શ્વનાથનું દેરાસર બનાવવામાં આવેલ છે અને શંખેશ્વર પાર્શ્વનાથનું દેરાસર નિર્માણધીન છે. એક ગુરૂમંદિર અને મણીભદ્રદેવનું દેરાસર છે જે પ્રગટ પ્રભાવી છે. ભોજન શાળા અને ધર્મશાળા બન્ને છે.

ખંડવા ક.દ.ઓ. સંઘને આ તીર્થની યાત્રા ૪-૧-૨૦૧૮ના દિવસે સ્વ. ચેતનાબેન પીતામ્બર ખોના દ્વારા કરાવવામાં આવી.

### કે.ડી.ઓ. સિનિયર સિટિઝન ડિગ્નીટી ક્લબ, મુંબઈ

ક્લબ દ્વારા આયોજીત 'જલ મહોત્સવ' યાત્રામાં ૧૦/૧૨/૨૦૧૭ના ૧૧ જણ જોડાયેલ. ૧૧/૧૨/૨૦૧૭ના ખંડવા ઉતરી મુંદી માટે રવાના થયેલ. વચ્ચે શ્રી જય પ્રફુલ નાગડા ના ઘરે મુલાકાત લીધી. બપોરે જલ મહોત્સવ જોવા ગયા. ત્યાં બોટ રાઈડ, બળદગાડી રાઈડ, ઝીપ લાઈનર વિગેરેની મજા માણી. ૧૨/૧૨/૨૦૧૭ના સવારના ખંડવા માં શ્રી પાર્શ્વનાથજી દેરાસર માં સેવાપૂજા કરી સ્થાનિક રહેવાસીઓને મળ્યા. ત્યાંથી શ્રી જય નાગડા તથા યામિનીબેન જય નાગડા દ્વારા સંચાલિત 'વિદ્યાસ્કૂલ'ની મુલાકાત લીધેલ. બપોરે જલ મહોત્સવમાં પૅરા મોટર સાઈડ, સ્પીડ બોટ સાઈડ કરેલ. રાતે સ્થાનિક સાંસ્કૃતિક કાર્યક્રમ જોયું. ૧૩/૧૨/૨૦૧૭ના સવારે મમલેશ્વર, ઓમકારેશ્વર, દિગમ્બર દેરાસર-સિધ્ધક્ષેત્ર ના દર્શન કરી ઈન્દોર પહોચ્યા. ૧૪/૧૨/૨૦૧૭ના સવારના માંડવગઢમાં દેરાસર દર્શન કરી જલમહલ, મ્યુજીયમ વિગેરે જોઈ ઈન્દોરમાં શીશમહલ, મ્યુજીયમ, હીંકારગીરી તીર્થ જોયા.

ત્યાં રહેતા શ્રી શાંતિલાલભાઈ શિયાળની મુલાકાત થઈ. તેમણે ટેસ્ટી ગજકના બોક્સ આપેલ. ૧૫/૧૨/૨૦૧૭ના સવારે અવંતી પાર્શ્વનાથ - ઉજ્જૈન, અલૌકિક પાર્શ્વનાથ - હાસમપુરા, મહાકાલેશ્વર - કાલભૈરવના દર્શન કરી સાંજે ઉજ્જૈનથી રવાના થઈ ૧૬/૧૨/૨૦૧૭ના સવારે મુંબઈ પરત આવ્યા.

ક્લબ દ્વારા આ વર્ષ દરમિયાન નીચે જણાવેલ અન્ય કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

૧) ૪/૯/૨૦૧૭ થી ૬/૯/૨૦૧૭ ત્રણ દિવસ દેવલાલી, નાસિક, શિરડી, વણી, સાપૂતારા અને ધરમપુરની ચૈત્ય પરિપાટી.

૨) ૮/૧૦/૨૦૧૭ યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન દ્વારા યોજાયેલ આનંદ મેળામાં ભાગ લીધેલ હતો.

૩) ૧૧/૧૧/૨૦૧૭ FESCOM દ્વારા યોજેલ આનંદ મેળામાં

Nine Type Chips :
Bajri • Nachni • Makai • Mung • Soya • Kela
Nine Type Mukhwas :
Alsi Badam • Crunchy • Evergreen
DRFT Bhel & Many More....
Anil - 98203 86895 • Heena - 72086 27871

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

આપણા ૨૦ સભ્યોએ ભાગ લીધો હતો.

૪) ૨૩/૧૧/૨૦૧૭ નેવી દ્વારા યોજાયેલ બોટ ક્રૂઝ અને જીજામાતા ઉદ્યાન પર્યટનમાં ૧૪ સભ્યોએ ભાગ લીધો હતો.

ક્લબની સ્થાપનાને ૧૫ વર્ષ પુર્ણ થતા હોવાની યાદગીરીમાં દરેક આજીવન સભ્ય કુટુંબને પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી લિખીત ''કહું એક વાતલડી'' પુસ્તક ભેટ આપવામાં આવશે. કાર્યક્રમોમાં ભાગ લેવા ઈચ્છતા સિનિયર સિટીઝન જ્ઞાતિજનો શ્રી રતિલાલ ખોના મો. 9833119477 પર સંપર્ક કરશો.

**નલિયા ન્યાયાલય ૧લી જાન્યુઆરીથી શરૂ**

અબડાસાના મુખ્ય મથક નલિયા ખાતે ન્યાય કોર્ટના છ દાયકાથી વધુ સમય પછી અદ્યતન મકાનનું નિર્માણ કાર્ય સંપન્ન થતાં કોર્ટના કારોબાર નવા વર્ષથી પ્રથમ દિનથી જ નવા મકાનમાં શરૂ થયું. નવા વર્ષના આરંભે ૦૧-૦૧-૨૦૧૮ના પ્રિન્સપાલ ડિસ્ટ્રીક જજ કચ્છ મેહુલ એમ. ગાંધીના હસ્તે નલિયાની નવી કોર્ટ ખુલ્લી મુકાઈ હતી.

**ફેમીલી વેલ્ફર કમિટીમાં નિમણુંક પામ્યા**

સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ-ઓથોરિટીના પત્ર મુજબ ભુજના શ્રી પ્રબોધ એચ. મુનવરની ફેમીલી વેલ્ફર કમિટીમાં નિમણુંક કરવામાં આવી છે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ



**લગ્ન સંબંધી**

ડોમ્બીવલી સ્થિત, ૧૯૯૦ બોર્ન, (મંગળ છે), હાઈટ 6'4", B.E. (ETRX) સર્વિસ કરતા કુંવારા યુવકને ભણેલી સંસ્કારી ૧૯૯૦ પછી જન્મેલી કુંવારી કન્યાના વડીલ સંપર્ક કરે.

**જ્ઞાતિ બાધ નથી.**

**હિતેશ - 089763 85160**


**સત્યમ્ શિવમ્ સુંદરમ્ ગૌશાળા જિન મંદીર**

હૈદ્રાબાદ અરપોર્ટથી માત્ર સાત કિલો મીટરના અંતરે ૫૨૦૦ ગાયોની સાર સંભાળ અને દેખરેખ રાખતી વિશાળ મોટી સત્યમ્ શિવમ્ સુંદરમ્ ગૌશાળાના તોતીંગ પ્રવેશ દ્વારની સન્મુખ સફેદ મારબલ અને પથ્થરોથી ચણેલું, મૂળ નાયક ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું શિખરબધ્ધ નયનરમ્ય દેરાસર છે.




દેરાસરની સામે વિશાળ પટાંગણ છે. ગંભારામાં મૂળ નાયક શ્રી નેમિનાથ ભગવાનની ડાબી બાજુએ શ્રી રૂષભદેવની તેમજ જમણીબાજુએ શ્રી મહાવીર સ્વામી ભગવાનની મૂર્તિઓ છે.

પૂજા કરવાની સુગમતા છે. દેરાસરની ડાબી બાજૂએ અંબિકાદેવી તેમજ જમણી બાજૂએ પદ્માવતી દેવીની શિખરબધ્ધ વિશાળ દેરીઓ છે, હૈદ્રાબાદ જતાં આવતાં દર્શન વંદનનો લાભ લેવાનું ચૂકવા જેવું નથી. સાથે ગજા પ્રમાણે ગૌશાળામાં જીવદયાનો સુંદર લ્હાવો મળી શકે તેમ છે.

**- કાંતિલાલ કેશવજી મોતા**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - સમુહ લગ્ન**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમુહ લગ્ન ૧૦/૧૨/૨૦૧૭ના અરનાથધામે કચ્છમાં ઉજવાયો તેમાં મારી દિકરીના લગ્ન હોવાથી અમો મુંબઈથી ૧૭૫ જણની સંખ્યામાં ગયા. ગ્રુપે લગ્ન સ્થળે સ્વાગત તેમજ રહેવા કરવાની વ્યવસ્થા તેમજ સમુહ લગ્ન માણવાની સુંદર વ્યવસ્થા કરેલ તે ખરેખર અનુમોદનીય છે. અમો દિકરીના લગ્ન સમુહ લગ્નમાં કરાવીને ધન્ય બન્યા.

**- અનિલ ચત્રભોજ દંડ, ભાંડુપ**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી લીલાવંતી દામજી નાગડા** (PS 3315) | લીલા દામ, પ્લોટ નં. ૨૧બી, અંબાજી નગર ફેઝ-૧, આર.એસ.નં.૮૯૦/૧૯, વેલસ્પન ગ્રામની સામે, કંડલા એરપોર્ટ પાસે, વર્ષામેડી, અંજાર-કચ્છ - ૩૭૦૧૧૦ મો. : ૯૦૯૯૯ ૭૮૭૭૦ |
| **શ્રીમતી વિજયાબેન લાલજી ગોસર** (PS 1122) | બી-૪, ૪થે માળે, આનંદ મંગલ સોસાયટી, કેશવજી નગર, પદમાસાગરની સામે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮ મો. : ૯૮૩૩૫ ૯૭૨૨૦ |
| **શ્રીમતી લીલાવંતી ચંપકલાલ નાગડા** (PS 1617) | વિંગ એ, ફ્લેટ નં. ૧૮૦૭/૧૮૦૮, સેન્ચ્યુરા, સેન રૂફ્સ, મુલુંડ-ગોરેગામ લિંક રોડ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. |
| **કેતક લક્ષ્મીચંદ ધરમશી** (PS 5764) | બી ૦૧૫, વીઆરઆર સ્ટોનઆર્ચ, બાયરેશ્વરા લેઆઉટ, હેન્નુર બંડે, બેંગલોર - ૫૬૦ ૦૪૩. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૭ | ભાંડુપ | લબ્ધી હિના હિતેશ રજનીકાન્ત ખોના | મોટી ખાવડી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૨-૧૭ | મસુર | જય મહેન્દ્ર ગોવિંદજી ધરમશી | છાદુરા | ૨૬ |
| | દાવનગિરી | વિરલી (અંબિકા) ભુપેન્દ્ર જેઠાલાલ નાગડા | નલિયા | ૨૫ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૨-૧૭ | ઘાટકોપર | નિમિશ હિંમતલાલ મનસુખલાલ મશકરીયા | સુરેન્દ્રનગર | ૩૮ |
| | ડોમ્બીવલી | રોનક હિરાચંદ કેશવજી લોડાયા | સાંધવ | ૩૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૨-૧૭ | બેલ્લારી | ચિંતન ચેતન સોમચંદ મુનવર | જખૌ | ૨૬ |
| | યવતમાલ | દર્શના ઉદય કેશવજી ધરમશી | નલિયા | ૨૫ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૧૭ | મુલુંડ | મુકેશ હરિરામ જેરામ અનમ ઠક્કર | ગોયલા | ૨૮ |
| | મુલુંડ | જીનલ શૈલેશ જેઠાલાલ નાગડા | વારાપધર | ૨૭ |

### મરણ


| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૨-૧૭ | યવતમલ | દમયંતીબેન કેશવજી શામજી ધરમશી | નલિયા | ૮૬ |
| ૩૦-૧૨-૧૭ | ડોમ્બીવલી | રાયચંદ રામજી મૈશેરી | સાંયરા | ૮૯ |
| ૦૨-૦૧-૧૮ | મુલુંડ | કીયા દર્શન દીપકભાઈ ધરમશી | વરાડીયા | ૭ |
| ૦૨-૦૧-૧૮ | હૈદરાબાદ | દીપક મેઘજી મોમાયા | વરાડીયા | ૫૬ |
| ૦૩-૦૧-૧૮ | ઊંઝા | વિજયાબેન દેવજી રાયશી ધુલ્લા | સુથરી | ૮૮ |
| ૦૫-૦૧-૧૮ | બારસી (સોલાપુર) | મોતીચંદ નારાણજી લાલકા | નલિયા | ૭૨ |

## કચ્છી કસબ - ૧૧૩ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) મૂરે ન (૩) સોપલાડી (૫) કોરો (૬) મૂટુકી (૭) બોય
(૧૦) લેસ (૧૧) રતો (૧૩) લાગ (૧૪) એડીરીતેજ
(૧૬) રેજ (૧૭) રીસ (૧૮) પેંઢ (૧૯) આમું
(૨૧) અચવેન (૨૩) બઇવાર (૨૫) ધમ (૨૭) ખોસડાઇ
(૨૯) આઢે (૩૦) આતડિયાત (૩૧) લાય

ઊભી ચાવીઓ -
(૧) મૂઢાંણા (૨) નમકસ (૩) સોકી (૪) લાટ (૫) કોયડ
(૮) બોવારી (૯) ચારજ (૧૦) લેગરી પાચમ (૧૨) સોંજ
(૧૫) તેવર (૧૬) રેઢ (૧૮) પેંઢઇ (૧૯) આનણ (૨૦) નેર
(૨૧) અધ (૨૨) બનૂસ (૨૩) બરઇ (૨૪) વારઆય
(૨૬) કેડી (૨૭) ખોત (૨૮) ડાવ

# ૧૩મી પુણ્યતિથિ



**પિતાશ્રી ભવાનજી જીવરાજ લોડાયા**

જન્મ : ૧૩-૦૫-૧૯૩૧

અરિહંત શરણ : તા. ૨૭-૦૨-૨૦૦૫

# પ્રથમ પુણ્યતિથિ



**માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા**

જન્મ : ૧૯૪૨

અરિહંત શરણ : તા. ૧૩-૦૧-૨૦૧૭

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું,
સ્નેહ એમની શક્તિ હતી, પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલાંમાં હતું,
કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો તમારો જીવનમંત્ર હતો.

ઓ દિવ્યઆત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ
અને ઉચ્ચ ગતિ પામો એજ પ્રભુ ચરણે પ્રાર્થના.

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. કલ્પના ધનપતિ લોડાયા** (નલિયા)
પૌત્રી : **હેતલ - કરીશ્મા ધનપતિ લોડાયા**
પુત્રી જમાઈ : **અ.સૌ. ઈન્દીરા મહેન્દ્ર નાગડા** (તેરા)

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. છાયા વિરેન્દ્ર લોડાયા** (નલિયા)
પૌત્ર : **અજય - યશ વિરેન્દ્ર લોડાયા**
દોહિત્રી : **અ.સૌ. કુંતુલ મીલીંદ પાલાણી** (કોઠારા)

દોહિત્ર-દોહિત્રવધુ : **ભૂમિકા ડૉ. હિતેન્દ્ર નાગડા** (તેરા)
પરદોહિત્રી : **ફલક મિલિંદ પાલાણી** (કોઠારા)

# શ્રદ્ધા-સુમન



દેહ પ્રવેશ :
તા. ૦૨-૦૨-૧૯૫૩

દેહ વિલય :
તા. ૧૨-૧૨-૨૦૧૭

## અ.સૌ. મધુ હિરાચંદ દંડ

લાલા - મુલુંડ

આસમાનથી ખરી પડ્યો તેજસ્વી તારો
કદી ભુલાય નહીં હસમુખો ચહેરો તારો
અણધાર્યું મૃત્યુ આવીને ભેટ્યું
હવે નહીં મળે અમને આવો સંગ મજાનો

નામ જેવા ગુણ ધરાવનાર એ સ્નેહમૂર્તિને પરમાત્મા ચિરઃ શાંતિ આપજો

**શોકાતુર કુટુંબીજનો, સગા-સ્નેહીઓ**

| | | |
|---|---|---|
| જીવનસાથી પતિ | : | શ્રી હિરાચંદ નરશી દંડ |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. હેમાલી રિતેશ દંડ |
| પુત્રી-જમાઈ | : | અ.સૌ. નેહલ પિયુષ નાગડા |
| પુત્રી | : | કુ. પૂર્વી હિરાચંદ દંડ |
| પૌત્રી | : | ફેયા, ફેલિશા |
| દોહિત્રી | : | વંશિકા |

**સ્વ. ધનબાઈ નરશી કાનજી દંડ પરિવાર**
**સ્વ. કસ્તુરબાઈ હિરજી માડણ સોની પરિવાર**

## શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા મુકામે ભવ્યાતિ ભવ્ય સિનિયર સીટીઝન નવાણું તથા શેઠ શ્રી નરશી નાથાના બાવલા (સ્ટેચ્યુ)નું અનાવરણ સાથે શેઠ શ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથીની ઉજવણીની બોલતી તસ્વીરો















C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (08-01-18)

# જ્ઞાતિના સાહસિક પર્વતારોહી યુવાન શ્રી મિતેશ રમેશ હંસરાજ મોમાયા (જખૌ - બેંગ્લોર)













જ્ઞાતિના યુવાન મિતેશ રમેશ મોમાયાએ એક એવી સાહસની કેડી કંકારી છે. જેના ઉપર ચાલવાનું ભાગ્યેજ કોઈ જ્ઞાતિજને સાહસ કર્યું હશે.

તેમણે એક ખૂબજ સફળ પર્વતારોહક તરીકે અને આફતના સમયે બચાવની કામગીરીમાં જીવન રક્ષકની પ્રવૃત્તીમાં મહારાષ્ટ્રમાં નામના મેળવી છે.

તેમણે ૪૦૦ થી વધારે વિવિધ પ્રકારના ભારતભરમાં પર્વતારોહણ કર્યા છે. જેમાં, હિમાલયમાં પર્વતારોહણ અને રસ્સીની મદદથી થતા પર્વતારોહણનો સમાવેશ થાય છે.

તેઓ એક સારા દોડવીર પણ છે અને મેરેથોન દોડમાં ભાગ લે છે.

કુદરતી આફતો જેવી કે ભુંકપ, પૂર વગેરેની પરિસ્થિતિમાં તેઆ જીવન રક્ષક તરીકે બચાવ કાર્યમાં અગત્યની ભૂમિકા ભજવે છે. આમાં માલેગાંવમાં ૩૦-૦૭-૨૦૧૪ના થયેલ ભૂસ્ખલન નોંધનીય છે. તેઓ પ્રાણીઓના બચાવ કાર્યમાં સામેલ છે. મૃત્યદેહની શોધખોળ કરવી વગેરે પ્રવૃત્તિઓમાં પણ તેઓ સામેલ છે. તહેવારોની ઉજવણી વખતે જીવન રક્ષકની કામગીરી બજાવે છે.

આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ માટે તેમણે પર્વતારોહણની તાલિમ જવાહર ઇન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટનીએરીંગમાંથી લીધી છે. તેમણે ''કમાન્ડો'' તાલિમ પણ લીધી છે.

આ ઉપરાંત તેમણે પત્રકારિત્વમાં બી.એ.ની ઉપાધિ મેળવેલ છે. તેમની આ સાહસિક પ્રવૃત્તિઓની અખબારોએ પણ નોંધ લીધી છે.

એમનો સંદેશો છે. ''અનોખું કરો''. તેમની આ પ્રવૃત્તિઓને પ્રકાશ સમીક્ષા બિરદાવે છે અને આશા રાખે છે કે તેઓ આવી સાહસિક તથા સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખશે અને આપણી જ્ઞાતિના યુવાનોને પ્રેરણા આપશે.
વાંચકો આ લેખ જરૂરથી તેમના ઘરના યુવાનોને વંચાવશે એવી પ્રકાશ સમીક્ષા આશા રાખે છે.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,